# શ્રાવણ માસમાં શિવજીના મહિમાનું મહત્ત્વ


**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

ધાર્મિક ઉત્સવો (તહેવારો)નું આયોજન કેમ થયું એના ઉત્તરમાં એમ કહી શકાય કે જેવો વિચાર તેવો વ્યવહાર. જો આપણા વિચાર શુદ્ધ હશે, તો વ્યવહાર પણ શુદ્ધ હશે પરંતુ જો વિચાર અશુદ્ધ હશે તો વ્યવહાર પણ અનીતિમય અને અશુદ્ધ હશે. વ્યવહાર શુદ્ધિ માટે વિચારોને નિયંત્રણમાં રાખવા જરૂરી છે. એની અનુભૂતિ લોકોએ કરી, સાથે સાથે લોકોનું જીવન અમર્યાદિત તથા ઉચ્છૃંખલ ન બની જાય તેથી વિચારના નિયંત્રણ માટે અને ધર્મને બળ આપવા માટે તહેવારોનું આયોજન થયું.

શ્રાવણ માસને અતિ પવિત્ર માસ તરીકે આપણે માનીએ છીએ. આ પાવન મહિનામાં વર્ષારાણી પણ પૂરા ઠાઠમાઠથી સોળે શણગાર સજી ઉત્સવપ્રિય લોકોનો ઉત્સાહ વધારવા ઉત્સવની ઉજવણીમાં સહભાગી બનવા આવે છે. વળી શ્રાવણ માસ જપ, તપ, હોમ, હવન, કથા, કિર્તન અને પૂજન, અર્ચન, વ્રત, ઉપવાસ સાથે ભાવિક ભક્તજનો ખાસ કરીને નિરાકાર પરમાત્મા જે ભોળાનાથ છે એ શિવ પ્રભુની આરાધના કરવાના મહિમાનું મહત્ત્વ ખૂબ છે.

શ્રાવણ માસમાં ભક્તો મંદિરમાં શિવલિંગની પ્રતિમા પર બીલીપત્ર, દૂધ વગેરે ચઢાવે છે તથા વ્રત આદિ કરે છે પરંતુ આ તહેવારના આધ્યાત્મિક રહસ્યથી ઘણા ઓછા લોકો પરિચિત છે. એક પૌરાણિક કથા પણ શિવપૂજન સાથે જોડાયેલી છે. એક વાર એક શિકારી જંગલમાં શિકાર કરવા ગયો અને તે ત્યાં હરણ અને હરણીની યુગલ જોડી પર તીર ચલાવવા તત્પર થયો કે તેઓ (હરણાં) બોલ્યાં, ‘‘હે શિકારી ! અત્યારે તું અમને મારીશ નહીં. અમે બંને અમારાં બાળકોને મળીને કાલે સવારે ફરીથી આ વૃક્ષ નીચે મળીશું ત્યારે ભલે તું અમારો શિકાર કરજે’’ આમ કહીને તે બંને હરણો પોતાનાં બાળકોને મળવા શિકારીથી છૂટાં પડયાં. એ બંને પાછાં જઈને પોતાના પરિવારનાં સભ્યોની વિદાય લેવાં ગયાં. તો બીજાં હરણાંઓએ કહ્યું



કે અમે વૃદ્ધ થઈ ગયાં છીએ તો અમે જઈએ છીએ કારણ કે અમારા પર કોઈ જવાબદારી નથી. સમગ્ર હરણ સમાજે ત્યાં આવવાનો આગ્રહ રાખ્યો અને તે વૃક્ષ નીચે પહોંચવા સૌએ કૂચ કરી. આ બાજુ શિકારી ઝાડ ઉપર ચડીને ઝાડનાં પાંદડાં નીચે ફેંકતો રહ્યો. સંજોગોવશાત્ એ વૃક્ષ નીચે શિવલિંગ હતું. આખી રાત ઉપવાસ કરીને બીલીપત્ર ચઢાવવાને કારણે શિવનું પૂજન ભોળાભાવે શિકારી કરતો રહ્યો તથા યુગલ હરણ માટે સમગ્ર હરણ સમાજ વૃક્ષ નીચે મરવા તૈયાર થયા તેથી શિવજી શિકારી તથા સમગ્ર હરણ સમાજ પર ઘણા પ્રસન્ન થયા. કહેવાનો ભાવ એ છે કે જે રીતે શિવજી હરણ તથા શિકારી પર પ્રસન્ન થયા તેવા જ આપણા સૌ પર પણ ભોળાનાથ પ્રસન્ન થાય. એ માટે ભક્તજનો વ્રત, ઉપવાસ, પૂજન, અર્ચન, કીર્તન વગેરે કરે છે.

પરમાત્માનું નામ શિવ છે એવું તો લગભગ સૌ માને છે. શિવલિંગ આકારની પ્રતિમા લગભગ સર્વધર્મોમાં પૂજ્ય છે. પ્રાચીન કાળમાં, રોમમાં પ્રતિજ્ઞા કરતી વખતે શિવલિંગનું પ્રતીક હાથમાં લેતાં હતાં.

‘શિવ’ શબ્દનો અર્થ થાય છે કલ્યાણકારી. અર્થાત્ કલ્યાણકારી પરમાત્માએ અજ્ઞાનરૂપી રાત્રિના સમયે દિવ્ય અવતરણ કરીને આત્માઓનું ઈશ્વરીય જ્ઞાન પ્રકાશ દ્વારા કલ્યાણ કર્યું. ‘રાત્રિ’ શબ્દ પણ એક પ્રતીક છે. બ્રહ્માનો દિવસ અને બ્રહ્માની રાત્રિ. બંને મળીને એક કલ્પ થાય છે. દિવસમાં (સતયુગ અને ત્રેતાયુગમાં) આત્માઓ સતોપ્રધાન હોય છે અને રાત્રિમાં (દ્વાપરયુગ અને કળિયુગમાં) તમોપ્રધાન બને છે. તેથી તમોપ્રધાન આત્માઓને સતોપ્રધાન બનાવવા માટે એમણે જે દિવ્ય કર્તવ્ય કર્યું એની યાદગાર રૂપે ભક્તજનો આજે પણ શિવનાં મંદિરોમાં ઓમ નમો શિવાયના મંત્ર-સ્મરણ દ્વારા શિવનું ભાવથી પૂજન કરે છે. મંદિરોમાં જે જલાધારી દ્વારા શિવલિંગની પ્રતિમા પર જળનો અભિષેક સતત કરવામાં આવે છે એનું રહસ્ય એ છે કે શિવ પરમાત્મા સાથે જલાધારી રૂપે જીવાત્માનો મનનો તાર સતત જળરૂપે જોડાયેલો રહે - ટપકતો રહે જે થકી જીવનો-આત્માનો પરમાત્મા શિવ સાથે અહર્નિશ મનબુદ્ધિનો તાર જોડાયેલો રહે પરંતુ તેમ કરવાને બદલે આપણે સ્થૂળ જલાધારી દ્વારા અભિષેક કરીને એનું આધ્યાત્મિક રહસ્ય ભૂલી ગયા છીએ.

આ જ પ્રમાણે ભોળાનાથ શિવજીએ જીવાત્માઓને સંદેશ આપીને કહ્યું કે હે મારા આત્મિક બાળકો તમે જ્યારે મુજ નિરાકારને મળવા આવો છો ત્યારે દેહ અને દેહના સબંધીઓને ભૂલીને મારી પાસે આવશો તો મારી દિવ્ય શક્તિ, દિવ્ય ગુણો તમને વરદાન રૂપે આપીશ પરંતુ આપણે મનુષ્યો દેહ અને દેહના સંબંધીઓને સાથે લઈને

**ગોપેશ્વર, રામેશ્વર, અમરનાથ, નેપાળમાં પશુપતિનાથ, ભારતના પ્રસિદ્ધ બાર જ્યોર્તિ ચંગમ, મક્કામાં સંગ-એ-અસ્વદ તથા જાપાનમાં શિવલિંગ આકારની પ્રતિમા રૂપ પરમાત્માનું ધ્યાન ધરે છે**

જ જઈએ છીએ એથી પરમાત્માની દિવ્ય શક્તિ અને દિવ્ય ગુણોનો વરદાની હાથ અને સાથનો અનુભવ કરી શકતા નથી કારણ કે આપણે ફક્ત આત્મા સમજીને દેહને બહાર મૂકીને એટલે કે મનબુદ્ધિથી ભૂલીને શિવ પાસે જવાને બદલે મંદિરની બહાર આપણા દેહરૂપી ચામડાના બુટચંપલો જ ઉતારીને મંદિરમાં જઈએ છીએ. વાસ્તવમાં આ રહસ્યોને પણ મનુષ્યો જાણતાં નથી.

આવા સાચા આધ્યાત્મિક રહસ્યથી પરિચિત થયા પછી આપણે માત્ર વ્રત અને જાગરણથી આ તહેવાર ઉજવીશું નહીં પણ આપણે આપણા આત્માને અજ્ઞાન, અંધકારની રાત્રીમાંથી જગાડીને કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારના પાંચ વિકારોનો ત્યાગ કરીશું તો અવશ્ય આપણું કલ્યાણ થશે અને જીવન મહાન બનશે. પવિત્ર શ્રાવણ માસમાં માત્ર સ્થૂળમાં પૂજન, અર્ચન, વ્રત, ઉપવાસ ન કરતાં એના આધ્યાત્મિક રહસ્યને સમજીને શ્રાવણ માસમાં આપણે ભોળાનાથ દેવાધિદેવ શિવજીના મહિમાનું ઈશ્વરીય જ્ઞાનયુક્ત રહસ્ય સમજીને યાદ કરીશું, ધ્યાન કરીશું અને પૂજન વ્રત કરીશું ત્યારે જ સાચા અર્થમાં શ્રાવણ માસ જે ભક્તજનો માટે પવિત્ર માસ છે એ ઉજવેલો લેખાશે. ભાવિક ભક્તજનોને આવાં સાચાં રહસ્યો સાથે દેવાધિદેવ શિવજીને રીઝવી લઈશું ત્યારે સાચી સુખ, શાંતિ આપણે જે ઈચ્છીએ છીએ, આપણે જે માંગીએ છીએ એ ભોળાનાથ શિવ ભગવાન ભક્તજનોને અવશ્ય આપે છે. આપને પણ ભોળાનાથ શિવજી સુખ-શાંતિ, પવિત્રતા, આનંદ, પ્રેમ વરદાન રૂપે આપતા રહે એવી શુભ ભાવના અને શુભ કામના સાથે પવિત્ર શ્રાવણ માસની ખૂબ વધાઈ.

# સાદગીઃ એક અમૂલ્ય આભૂષણ

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**


**સાધુ જ્ઞાનાનંદદાસ**

૧૯૯૭માં દિલ્હીમાં તાજ હોટલમાં વિશ્વસ્તરની એક કૉન્ફરન્સ યોજાઈ હતી. તેમાં વિશ્વના ખ્યાતનામ IT ઈજનેરો તેમ જ અગ્રણી નેતાઓ હાજર હતા. જેની પ્રવેશ ફી હતી ૮૦૦૦ રૂપિયા. તે સમયે સભામાં પ્રવક્તાએ કૉન્ફરન્સના chairperson તરીકે ટી.વિશ્વનાથનને મંચ પર પધારવા આમંત્રણ આપ્યું. દરેકના મનમાં કોટ-પાટલૂન અને ચમકતા બૂટમાં સજ્જ કોઈ વ્યક્તિનું ચિત્ર હતું પરંતુ વિશ્વનાથન્ ઊભા થયા ત્યારે બધાંની આંખો પહોળી થઈ ગઈ. સાદો ઝભ્ભો, ધોતિયું, પગમાં ચાખડી, વધી ગયેલી દાઢી. આવા લઘરવઘર વેશ સાથે તેઓએ મંચ પર આવી લગાતાર ત્રણ કલાક સુધી મલ્ટીમિડિયા વિષયક વક્તવ્ય આપ્યું. ઉપસ્થિત સર્વે વ્યક્તિઓ દિગ્મૂઢ થઈ ગયા. થોડા સમય બાદ તેઓ ગાંધીનગર - અક્ષરધામની મુલાકાતે આવ્યા ત્યારે સંતો સાથે બે કલાક વિતાવ્યા. ત્યારે તેમણે કહેલું કે, “મેં નક્કી કર્યું છે કે મારો પહેરવેશ આ જ રાખવો છે.” તેનું કારણ પૂછતાં તેઓ કહે, “મારે દુનિયાની ટોચ પર પહોંચવું છે તો પછી કપડાં પાછળ શું કામ સમય બગાડું? એક વખત એવો આવશે કે લોકો મારાં કપડાં સામે નહીં પણ મારા જ્ઞાન સામે જોશે. દુનિયામાં ચહેરો નથી પૂજાતો પણ જ્ઞાન પૂજાય છે.” આશ્ચર્ય એ વાતનું છે કે તેમણે એક પણ ફિલ્મ જોઈ નથી. ખરેખર, સાદાઈને અપનાવીને પણ વ્યક્તિ મહાન બની શકે છે.

અમેરિકન તત્ત્વચિંતક અને કવિ ‘રાલ્ફ વૉલ્ડો ઈમર્સન’ કહે છે, ‘‘To be simple is to be great’’ અર્થાત્ સાદું બનવું તે મહાનતા છે પરંતુ આજના ભૌતિકયુગમાં ઉછરેલા યુવકોમાં સાદાઈ નામનો ગુણ જાણે અમાસનો ચંદ્ર બની ગયો છે. મોંઘાં અને ઊંચી બ્રાન્ડનાં કપડાં, શૂઝ, મોબાઈલ, હેરસ્ટાઈલ, વાહનો અને એવી જાતજાતની મોંઘી વસ્તુઓનો શોખ આજની યુવાનીનો જાણે પર્યાય બની ગયો છે પરંતુ આજના બાપકમાઈ પર ઉછરતાં નબીરાઓને એ ખ્યાલ નથી કે સાદાઈ માણસને એક ખુમારી અને તાકાત આપે છે. અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને ઉપ વડા પ્રધાન હોવા છતાં, તેઓના અંતિમ સમયે તેમનું બેન્ક બેલેન્સ કેવળ રૂ.૨૩૬/- હતું. વળી, કપડાં પણ માત્ર ચાર જોડી જ હતાં છતાં પણ તેમનો પ્રભાવ સ્વતંત્ર ભારત પર આજે દાયકાઓ પછી પણ એવો ને એવો જ રહ્યો છે.

લોકો આક્ષેપ કરે છેઃ ‘સાદાઈ તો ગરીબાઈનું પ્રતીક છે’ પરંતુ મહાપુરુષો પ્રત્યુતરમાં જણાવે છેઃ ‘Simplicity is the glory of expression.’ અર્થાત્ સાદાઈમાં જ સમૃદ્ધિ અને ભવ્યતા છે. ઘણી વાર કહે છેઃ ‘રંગરાગ વિનાનું જીવન જટિલ છે’ પરંતુ ત્યારે મહાપુરુષો કહે છેઃ ‘Life is not complex. We make it complex. Life is simple and simple thing is the right thing.’

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના સ્થાપક યોગીજી મહારાજ યુવાનોને સાદાઈનો ગુણ કેળવવા ખૂબ તાલીમ આપતા. તેઓ કહેતા, ‘જ્યાં-ત્યાં, જેમ-



તેમ, જેવું-તેવું ચલાવી લેતાં શીખવું’ અર્થાત્ ઓછી સુવિધાઓ કે અગવડો આપણને અકળાવી ન શકે, આપણા પ્રગતિમાર્ગમાં આપણને રોકી ન શકે અને આપણા અંતરઆનંદને છીનવી ન શકે એવી રીતે પોતાની જાતને ઘડવી જોઈએ. ક્યારેક યુવાનો ઓછી સુવિધાઓને કારણે ન ભણી શક્યાનો રંજ કરે છે પરંતુ એ ન ભૂલીએ કે આધુનિક કોઈ પણ પ્રકારની સુવિધાઓ વિના ઘણા મહાપુરુષોએ વિશ્વનો નકશો બદલી નાખ્યો છે.

ભિક્ષા માંગીને ભાદરણ અને ખંભાતમાં

**મોંઘાં અને ઊંચી બ્રાન્ડનાં કપડાં, શૂઝ, મોબાઈલ, હેરસ્ટાઇલ, વાહનો અને એવી જાતજાતની મોંઘી વસ્તુઓનો શોખ આજની યુવાનીનો જાણે પર્યાય બની ગયો છે**

સંસ્કૃતનું અધ્યયન કરનાર વિશ્વવંદનીય સંત પૂ. પ્રમુખસ્વામી મહારાજ સુવિધાઓના અભાવ વચ્ચે સાદાઈથી પણ શ્રેષ્ઠ ભણી શક્યા. એ ગુણને કારણે જ પ્રમુખસ્વામી મહારાજ કોઈ અપેક્ષાઓ વિના અનેક અગવડો અને અસુવિધાઓ વચ્ચે હસતે મુખે ગામડે ગામડે વિચરણ કરી શક્યા છે. એ પણ ફરિયાદ, કંટાળો, હતાશા કે નિરાશા વિના! ‘Simple Living, High Thinking’ સાદું જીવન અને ઊંચો વિચાર એ એમની યુવાનીના સમયથી આગવી વિશેષતા રહી છે.

એક યુવાન તરીકે સંતોષ અને સાદાઈનો ગુણ કેળવવાનું કોઈ ઉચ્ચ ડિગ્રી મેળવવા કરતાં પણ વધુ મહત્ત્વનું છે કારણ કે ડિગ્રીમાં પણ સંતોષ અને સાદાઈ નહીં હોય તો કરેલી પ્રગતિ પણ આપણને સુખ નહીં આપી શકે અને જીવનમાં સંતોષ, સાદાઈ હશે તો જીવનમાં પ્રગતિ થશે, સુખ પણ મળશે. કહે છે કે સંતોષી વ્યક્તિ દરેક જગ્યાએ સન્માનને પાત્ર બને છે, ખુદ ભગવાનના દરબારમાં પણ! હા, આ આભૂષણ ગણાશે, સાદગીનું આભૂષણ !

એટલે જ સાદાઈરૂપી અલંકારથી પરિપૂર્ણ યુવાનને કોઈ દુઃખ ક્યાંથી હોય? તો આવો આપણે પણ સાદાઈનાં ઘરેણાં પહેરીને જીવનને અભુશિત કરીએ.